# IIT-GNને 'યુનિ. ઓફ ધ યર' એવૉર્ડ

## ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરને તેમના ઇનોવેશન અને નિર્ધારિત ગોલને અચિવ કરવા બદલ મળ્યો સન્માનીય એવૉર્ડ

**અમદાવાદ : ૭ નવેમ્બર ૨૦૧૫**

ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ (FICCI) દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગર (આઇઆઇટી જીએન)ને 'યુનિવર્સિટી ઓફ ધ યર' એવૉર્ડ આપવામાં આવ્યો છે. આ એવૉર્ડ દિલ્હી ખાતે યોજાયેલા ફિક્કીના હાયર એજ્યુકેશન સમિટમાં-૨૦૧૫માં આપવામાં આવ્યો છે. આ અંગે વાત કરતા આઇઆઇટી-જીએનના ડિરેક્ટર સુધીર જૈને જણાવ્યું હતું કે, આઇઆઇટી ગાંધીનગર દ્વારા ઇનોવેશન અને નિર્ધારિત ગોલને ખૂબ જ ટૂંકા ગાળામાં અચિવ કરવા બદલ આ એવૉર્ડ મળ્યો છે. આ સાથે જ અમે વિશ્વની અન્ય ઇન્સ્ટિટ્યૂટ સાથે પણ ઇનોવેશન ક્ષેત્રે કદમ મિલાવ્યા છે. સ્ટુડન્ટ્સ અને ફેકલ્ટીને કારણે અમે અહીં સુધી પહોંચી શક્યા છીએ.








## આ આધાર પર એવૉર્ડ અપાયો

### ફાઉન્ડેશન પ્રોગ્રામ

આઇઆઇટી ગાંધીનગર દ્વારા ન્યૂ કમર્સ સ્ટુડન્ટ્સ માટે ખાસ પાંચ વીકનો ફાઉન્ડેશન પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. ફાઉન્ડેશન પ્રોગ્રામમાં સ્ટુડન્ટ્સ માટે એકેડેમિક સાથે એક્સ્ટ્રાકરિક્યુલમ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવે છે. જેમાં એથિક્સ, ક્રિએટિવિટી, લીડરશિપ, સોશિયલ અવેરનેસ અને સ્પોર્ટ્સ વિશે માહિતી આપવામાં આવે છે.

### ઓલ ઓવર ડેવલપમેન્ટ

સ્ટુડન્ટ્સને ફરજિયાત કોર્સની સાથે હ્યુમાનિટી અને સોશિયલ સાયન્સ ક્ષેત્રે પણ અભ્યાસ કરવાવવામાં આવે છે.
સોશિયલ એંગેજમેન્ટ : સ્ટુડન્ટ્સ સોશિયલ પ્રોબ્લેમ પ્રત્યે સંવેદનશીલ થાય અને પ્રોબ્લેમને સમજે તે માટે પણ આઇઆઇટી-જીએન દ્વારા અલગ અલગ એક્ટિવિટીનું આયોજન કરવામાં આવે છે.

### ગ્લોબલાઇઝેશન

ગયા વર્ષે આઇઆઇટી-જીએનના ૪૦ ટકા સ્ટુડન્ટ્સે એબ્રોડ સ્ટડીનો અનુભવ કર્યો હતો. સાથે જ ૧૫ ટકા ફેકલ્ટીએ પણ એબ્રોડની વિઝિટ કરી હતી.

### ફેકલ્ટી ઇન્સેન્ટિવ

આઇઆઇટી-જીએન દ્વારા ફેકલ્ટી માટે ખાસ આકર્ષક ફાઇનાન્સિયલ પેકેજ રાખવામાં આવે છે. સાથે જ સ્ટાર્ટઅપ સિડ ફંડિંગ પર પણ પૂરતું ધ્યાન આપવામાં આવે છે.








